


અમરેલી, ગાંધીનગર અને સુરતથી પ્રસિધ્ધ થતું દૈનિક

R.N.I.N.70053/99, Postal Reg.No.Amreli / 69/12-14 Validup to 31/12/14

सत्यमेव जयते

AVADH TIMES DAILY

પાના ૮ કિંમત રૂા.૩-૦૦

તા.૨૨-૧૦-૨૦૧૪ બુધવાર

# અવધ ટાઇમ્સ

સૌરાષ્ટ્ર આવૃતિ

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સ : ૨૨૦૧૫૫ /૨૨૪૯૪૭

Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,avadhtimes1@rediffmail.com, news@avadhtimes.net,

AVADH TIMES GROUP





તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ, હેડપોસ્ટ ઓફિસ સામે, અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે, અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૭૦ આસો વદ ૧૪ વર્ષ : ૧૯ અંક ૫૬


## અભિનંદન - હાર્દિક શૂભકામના



**શ્રી પરશોતમભાઇ રૂપાલા**

અમરેલી જિલ્લાનુ ગૌરવ એવા શ્રી પરશોતમભાઇ રૂપાલા સાહેબને ગોવા ભાજપ સંગઠનના પ્રભારી બનાવ્યા તે બદલ અમો સહર્ષ ખુશી વ્યક્ત કરીએ છીએ તેમજ શ્રી રૂપાલાજીને અભિનંદન પાઠવીએ છીએ તેમજ તેઓ ઉતરોઉતર પ્રગતિના સોપાન સર કરે તેવી શૂભકામના વ્યક્ત કરીએ છીએ



-:શૂભેચ્છક:-

**શ્રી એ.ડી. બારડ**

ઉપપ્રમુખશ્રી અમરેલી જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચો

(પૂર્વ સરપંચશ્રી તાજપર ગ્રામ પંચાયત) મો. ૯૪૨૭૭ ૪૬૩૫૭

## જાહેર નોટીસ

સ્થળઃ- બગસરા.
તા.૨૧-૧૦-૧૪

અમારા મારફત
સુરેશકુમાર એ.રાઠોડ એડવોકેટ
જુની નગરપાલિકા કચેરી પાસે,થાણા રોડ બગસરા
ઓ.(૦૨૭૯૬)૨૨૨૨૧૭
મો. ૯૪૨૬૯ ૪૦૮૬૮,૯૩૨૮૦ ૪૧૮૮૦

### અમરેલીમાં દિપોત્સવી પર્વનો ઉમંગ છલકાયો

# અમરેલીની બજારમાં ધૂમ ખરીદી

**અનેક નવી દુકાનોના ઉદઘાટન : નાના-મોટા તમામ વેપારીને ત્યાં ઘરાકી નીકળી**

અમરેલી

અમરેલી શહેરની બજારમાં આજે ધનતેરસ અને દિપાવલી ના તહેવારની દિવસભર ધુમ ખરીદી રહી હતી સાથોસાથ મોડી રાત સુધી પણ બુટ ચંપલોની દુકાનોમાં અને જવેલરીની દુકાનોમાં ખરીદી જાવા મળી હતી ધનતેરસના પવિત્ર દિવસે શહેરી જનોએ લક્ષ્મીપૂજન જેવા ભક્તીસભર પુજન અર્ચન આથોસાથ બજારોમાં ખરીદી કરવા ઉમટી પડયા હતા દિવસભર તમામ દુકાનોમાં ગ્રાહકોની ભારે ભીડ જોવા મળી હતી જોબીજી તરફ અનેક નવી દુકાનોના ઉદઘાટન થયા હતા અસંખ્યા વેપારીઓ નવા સોપાન શરૂ કરવા શુભમુર્હુતમાં નવી

(અનુસંધાન પાનાનં.૭)

## બોરડીમાં બે વર્ષની બાળા ઉપર દિપડાએ હુમલો કર્યો

**બાળકીના વાલીઓએ બુમાબુમ કરતા દિપડો બાળકીને છોડી નાસી ગયો**

અમરેલી,ધારીના બોરડીની સીમમાં આદીવાસી પરિવારની જમનાબેન સરદારભાઇ (ઉ.વ.૨)ને દિપડો ઉપાડી જતા સરદારભાઇ અને મજુરોએ બુમો પાડતા દિપડો બાળકીને ઈજા પહોચાડી મોઢામાંથી મુક્ત નાસી જતા બાળકીને સારવારમાં અમરેલી દવાખાને ખસેડાયેલ છે

## અમરેલીમાં બાળકને ટ્રેકટર હડફેટે ઈજા

**ટ્રેકટર ચાલકે હડફેટે લેતા ફેકચર**

અમરેલી, અમરેલી લાઠી રોડ ઉપર સાયકલ ઉપર પસાર થતા સંતોષ મોહનભાઈ સોનીને ટેકટર નં.જી.જે.૧૪ .બી. ૪૦૮૬ના ચાલકે હડફેટે લઈ ફેકચર ઈજા કર્યાની ફરીયાદ નોંધાવેલ છે હે.કોન્સ જે.બી.વીસાણી તપાસ ચલાવી રહયા છે

## બગસરામાં જાહેરમાં ઝગડતા બે ઝડપાયા

**લોકોનું ટોળું ભેગુ થતા પોલીસ દોડી**

અમરેલી

બગસરામાં જાહેરમાં ઝગડો કરી લોકોને એકઠા કરનાર લાલો ઉફે હરેશ રામજી જોગલ વિજય ઉફે ગજની અમરશી પરમારને હે.કોન્સ એમ.એન.ગઢવીએ ઝડપી લઈ ગુનો નોધેલ છે

## ૧૮ મી વાર્ષિક પુણ્યતિથીએ શ્રધ્ધાંજલી



**સ્વ. ભરતભાઇ ગોલણભાઇ વાળા**

સ્વ.તા.૯-૧૧-૧૯૯૬ ધારગણી

તમારી વસમી વિદાયને આજે ૧૮ વર્ષ પુરા થયા
છતા મન હજુ માનતુ નથી કે તમો અમારી વચ્ચે નથી
પ્રભુ તમારા આત્માને ચિરઃ શાંતિ અર્પે એ જ પ્રાર્થના

લી.

વાળા હકુભાઇ કે.
વાળા હરેશભાઇ જી.- વાળા દિલીપભાઇ બી.
વાળા પ્રવિણભાઇ એસ. - વાળા ખોડુભાઇ એચ.
વાળા હરપાલભાઇ એચ.- વાળા રાજુભાઇ એસ.
વાળા પરિવાર જય હુરજ નારાયણ ધારગણી












सत्यमेवजयते्
AVADH TIMES DAILY
અવધ ટાઇમ્સ
અમરેલી તા.૨૨-૧૦-૨૦૧૪ બુધવાર
પાના નં ૬








# જાફરાબાદમાં બાળકોને ફટાકડાની કિટ વિતરણ




રાજુલા-જાફરાબાદના ધારાસભ્ય હિરાભાઇ સોલંકી દ્વારા જાફરાબાદમાં જરૂરિયાત મંદ લોકોને મદદરૂપ બનવા ફટાકડ વિતરણ કર્યા હતા સાથે સાથે જરૂરિયાતમંદ ગરીબ વિધવા બહેનોને અનાજની કિટ વિતરણ કરી હતી તે પ્રસંગે ધારાસભ્ય હિરાભાઇ સોંલકી અને વિવિધ ક્ષેત્રના આગેવાનો તથા સેવાભાવી અને ભાજપ કાર્યકરો આગેવાનો સહિત તસવીરમાં નજરે પડે છે. અહેવાલ :- જયદેવ વરૂ

# રાજુલામાં દિવાળીના તહેવારોમાં આઇડીબીઆઇ બેંકે રંગ રાખ્યો

**એસબીઆઇ સહીત ૧૭ ઉપરાંતની બેંકોના એટીએમો બંધ રહેતા લોકોની ધનતેરસ બગડી**

રાજુલા,દિવાળીના તહેવારોમાં રાજુલામાં એકમાત્ર આઇડીબીઆઇ બેંકના એટીએમ શરૂ રહેલા જયારે એસ.બી.આઇ.કૃષિબેંક, એચ.ડી.એફ.સી. સહીત ૧૭ જેટલી બેંકોના એટીએમ બંધ રહેતા લોકોની કફોડી હાલત થઇ હતી. મોટાભાગના લોકોની એટીએમને કારણે ધનતેરસ બગડી હતી જો કે આઇડીબીઆઇનું એટીએમ શરૂ હતુ. પણ મોટી કતારો લાગી હતી. અને મેઇન્ટેન્સ કરવુ પડતુ તેનાથી કંટાળ્યા વિના આઇટીબીઆઇના અધિકારીઓએ લોકોને સેવા પુરી પાડી હતી. એટીએમ બંધ રહેતા છતે પૈસે લોકોએ પરેશાન થવુ પડયુ હોય તેવી સ્થિતિ જોવા મળી હતી. હવે બેંક અધિકારીઓને કાઈજ સમજાય તો સારુ છે.

# લીલીયામાં ભાજપના વિજયને વધાવ્યો



મહારૂદ્ર હરિયાણા તેમજ ગુજરાતમાં ભાજપાને મળેલ. સફળતા બદલ લીલીયામાં ભાજપાએ ફટાકડા ફોડી જીતનો જશ્ન મનાવ્યો. તે પ્રસંગે ચતુરભાઇ કાકડીયા, કેતન ઢાંકેચા, જીજ્ઞેશ સાવજ, આનંદ ધાનાણી, ઈમરાન પઠાણ, યોગેશ દવે, ભનુભાઇ ડાભી, અશોક જોગી,ભાસ્કરભાઇ પટેલ, હસુભાઇ, મિતુલભાઇ ભરવાડ, નિકુમ, ગોરધનભાઇ ભાલાળા, કાંતીભાઇ ડાભી વિગેરે તસ્વીરમાં નજરે પડે છે. (તસ્વીર અહેવાલ- અશોક વિરાણી લીલીયા)

# અમરેલીમાં અલ સહારા ટ્રસ્ટ તરફથી ૧૦૧ લારીઓનું વિનામુલ્યે વિતરણ



અમરેલીમાં અલ સહારા ટ્રસ્ટ અને તુરેબાદશાહ બાબા ગૃપ તરફથી અમરેલીમાં રહેતા ગરીબ પરિવારકે જે રોજે રોજનું લઈને ઘર ગુજરાન ચલાવે છે ત્થ્યારે તેવો લોકોને વિનામુલ્યે ૧૦૧ લારીનું વિતરણ કરવામાં આવેલ આ કાર્યક્રમના મુખ્યદાતા એવા બોરસદ નિવાસી બાપજીબાપુ પધારેલ અને અમરેલીના પીરેતરીક્ત સયેદ સાદિકબાપુ કાદરીની આગેવાની હેઠળ અલસહારા ટ્રસ્ટ પ્રમુખ જાવેદખાન પઠાણ, રફીકબાપુ કાદરીની આગેવાની હેઠળ અલસહારા ટ્રસ્ટ પ્રમુખ જાવેદખાન પઠાણ, રફીકબાપુ શેખ તુરેબાદશાહ ગૃપના પ્રમુખ ભાવનભાઇ રઈશ આરટીઆઇ એકતીવીસ્ત અબ્દુલભાઇ કુરેશી, યુસુફભાઇ પઠાણ, સહીલભાઇ સંઘી યુનુસભાઇ વગેરે લોકોએ આ કાર્યક્રમને સફળ બનાવેલ. આગામી દિવસોમાં વિકલાંગને સાયકલ અને વિધવા બહેનોને સિલાઇ મશીન આપવામાં આવશે તેવું જાવેદખાન પઠાણે જણાવેલ.

મંત્રીશ્રી જયદ્રથસિંહ પરમાર,સાંસદશ્રી માંડવીયા અને સાંસદશ્રી કાછડીયાની ઉપસ્થિતિમાં

# પાલિતાણા મુકામે ગરીબ કલ્યાણ મેળો યોજાયો

**મેળામાં ગરીબોને ૧.૬૦ કરોડ રૂપિયાની સહાય આપવામાં આવી**



પાલીતાણા, ગત તા. ૨૦ ઓકટોબર, ૨૦૧૪ ના રોજ ભાવનગરીજલ્લાના પાલીતાણા મુકામે રાજય કક્ષાના માર્ગ અને મકાન મંત્રીરી જયથિંસંહ પરમાર, સાંસદરી મનસુખભાઈ માંડવીયા અને સાંસદરી નારણભાઈ કાછડીયાની .પીસ્થીતમાં ગરીબ કલ્યાણ મેળો યોજાયેલ હતો. આ મેળામાં ગરીબોને ૧.૬૦ કરોડ રૂીપયાની સહાય આપવામાં આવેલ હતી. આ તકે માજી ધારાસભયરી મહેનીસિંહ સરવૈયા, માર્કેટીંગયાર્ડના ચેરમેન રી નાગજીભાઈ, આરોગય સીમીતના ચેરમેન રી બાબભાઈ શામળ ીયા, પાલીતાણા તાલુકા ભાજપ પ્રમુખ રી શયામભાઈ શીહોરા, રી વી.ડી.સોરઠીયા, ગારીયાધાર તાલુકા ભાજપ પ્રમુખ રી રમેશભાઈ ગોયાણી તથા ગ્રામય અને શહેરના આગેવાનો અને કાર્યકરો .પીસ્થત રહયા હતા.

# આગામી તા.૨૪થી ૨૬ સુધી ત્રણ દિવસ અમરેલીની તમામ કાપડની દુકાનો બંધ રહેશે

અમરેલી, અમરેલી કલોથ મરચન્ટ એશોસીએશનનાં દરેક વેપારી મિત્રોએ મીટીંગ કરી બેસતા વર્ષ તથા ભાઇબીજના તહેવારોને અનુલક્ષીને તા.૨૬-૧૦-૧૪ને રવિવાર સુધી તમામ કાપડની દુકાનો બંધ રહેશે. સોમવાર તા.૨૭-૧૦-૧૪ થી તમામ દુકાનો રાબેતા મુજબ ચાલુ રહેશે.

જેની તમામ વેપારી તથા ગ્રાહક મિત્રોએ નોંધ લેવી તે યાદી કાપડ એસોશીએશનની કારોબારી સર્વાનુમતે ઠરાવ કરી જણાવેલ છે.

# અલ્ટ્રાટેક કોવાયા દ્વારા નિદાન કેમ્પ યોજાયો



અલ્ટ્રટેક સિમેન્ટ કંપની લી.કોવાયા દ્વારા ભાંકોદર, વરાહસ્વરૂપ, વાંઢ તથા લુણસાપુર ગામે પશુનિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં અલ્ટ્રાટેક સિમેન્ટ લી. પુરસ્કૃત ગ્રીસવ સંસ્થા સંચાલીતના નિષ્ણાંત પશુ ડોકટરોએ પશુઓનું નિદાન કરી દવા આપવામાં આવેલ તથા ખરવા ન થાય તે માટે રસીકરણ પણ કરવામાં આવેલ. આ કેમ્પમાં બધા ગામમાંથી કુલ ૨૪૬૭ પશુઓને સારવાર તથા દવા આપવામાં આવેલ. આ કેમ્પોને સફળ બનાવવા માટે કંપનીના જનરલ મેનેજરશ્રી (વહીવટ) શ્રી થાનકી તથા સીએસઆર ટીમના માર્ગદર્શન હેઠળ ભાંકોદર , વરાહસ્વરૂપ, વાંઢ તથા લુણસાપુર ગામના સરપંચશ્રીઓ તથા આગેવાનોએ સારી જહેમત ઉઠાવેલ હતી.

# શ્રી રામ પ્લાઝા કોર્મશીયલ કોમ્પલેક્ષ

## શૂભ ઓપનીંગ



પીપાવાવ પોર્ટ ગેઇટ નંબર -૧ ની તદ્દન નજીકમાં જ તદ્દન ન્યુ અને અધતન સુવિધાવાળુ ઓફિસોને લાયક, લક્ઝરીયસ ઓફિસનું અધતન પાર્કવાળુ અને ચોવીસ કલાક પાણી, એટચ ટોઇલેટ બાથરૂમની સુવિધા સાથે તેમજ ચોવીસ કલાક લાઇટની સુવિધા D.G. જનરેટર સાથેનું અત્યંત આધુનિક બિલ્ડીગ તૈયાર થઇ ગયેલ છે જેનું

**ઓપનીગ તા. ૨૮/૧૦/૨૦૧૪ કારતક સુદ પાંચમ (લાભપાંચમ)**

ના રોજ શુભ ઉદ્દઘાટન કરવામાં આવનાર છે



શ્રી દુલાભાઇ એસ વાઘ

## દુલાભાઇ એસ. વાઘ

સ્થળ
પીપાવાવ ગેઇટ નં.-૧ ની બાજુમાં, રામપરા-૨
મો.૯૮૨૪૨ ૯૬૬૩૮-૯૮૨૪૫ ૨૩૪૦૨


જિલ્લા પંચાયતમાં અનેક કામો સાથે લોકપ્રિયતા મેળવનાર

# અમરેલી જિ.પં.ના પૂર્વ પ્રમુખ શ્રી ભુપતભાઇ માયાણીનું નિધન

## ટુંકી બિમારી બાદ રાજકોટ ખાતે સારવાર દરમિયાન નિધન થતા ઘેરોશોક વ્યાપી ગયો

## પુર્વ મંત્રીશ્રી સંઘાણી શ્રી સુખડિયા, શ્રી લાખાણી સહિત આગેવાનો અંતિમ યાત્રામાં જોડાયા

અમરેલી, અમરેલી જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ શ્રી ભુપતભાઇ માયાણીનું નિધન થતા ઘેરોશોક વ્યાપી ગયો છે. સદગતની અંતિમ યાત્રામાં આજે દિલીપભાઇ સંઘાણી સહીત વિવિધ આગેવાનો, ભાજપના પદાધિકારીઓ વિગેરે ઉમટી પડયા હતા અને શોક વ્યક્ત કર્યો હતો.ધારી ખાતેશ્રી ભુપતભાઈ માયાણીના નિધનના (અનુસંધાન પાનાનં.૭)

### પૂર્વ જિ.પં.પ્રમુખ શ્રી માયાણીનું નિધન થતા

# અમરેલી જિ.પં.માં આજે શોકસભા

### અધિકારીઓ પદાધિકારીઓની શોકસભામાં ઉપસ્થિતિ



અમરેલી, તા.૨૧-૧૦-૧૪ના રોજ ભુપતભાઈ બી.માયાણી જિલ્લા પંચાયતના સદસ્યશ્રી અને માજી પ્રમુખશ્રી જિલ્લા પંચાયત અમરેલીનું આજરોજ દુઃખદ અવસાન થયેલ છે. ધારી ખાતે રાખવામાં આવેલ અંતિમક્રીયા વખતે જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી ચેરમેનશ્રીઓ સદસ્યશ્રીઓ કર્મચારીઓ અને સ્થાનીક લોકો બહોળી સંખ્યામાં હાજર રહેલા હતા. શાંત સ્વભાવ કર્તવ્યનિષ્ઠ એવા શ્રી ભુપતભાઇ માયાણીને શોકાજંલી આપવા માટે જિલ્લા પંચાયત અમરેલીના સભાખંડમાં તા.૨૨-૧૦-૧૪ના રોજ સવારે ૧૦: કલાકે રાખવામાં આવેલ છે તેમાં જિલ્લા પંચાયતના ચેરમેનશ્રીઓ સદસ્યશ્રીઓ અધિકારી કર્મચારીઓને ઉપસ્થિત રહેવા શ્રી શરદ લાખાણી પ્રમુખશ્રી જિલ્લા પંચાયત અમરેલી જણાવેલ છે.


+ કૈલાશ ક્લીનીક +

શુભ પ્રસંગે રંગ જમાવે, મહેમાનોમાં વટ પડાવે
કેસર કેરીનો રસ
(Frozen Mango Milk Shake)
500gms - 1kg - 20kg

॥ જય ઉમિયા માતાજી ॥
કડવા પટેલ સમાજ અમરેલી
સ્નેહ મિલન
અમરેલી શહેરમાં વસતા તમામ કડવા પટેલ સમાજનું સ્નેહ મિલન દર વર્ષની જેમ આ વર્ષે પણ નિચેના સ્થળે અને સમયે રાખેલ છે તો સર્વોને સહ કુંટુબ સમયસર પધારવા હાર્દિક નિમંત્રણ છે
તા.૨૪-૧૦-૨૦૧૪ શુક્રવાર
સમયઃ- સવારે ૯-૦૦ કલાકે
સ્થળ :- અમરેલી કડવા પટેલ સમાજ, નારાયણ નગર, હનુમાનપરા અમરેલી
નિમંત્રક :- પ્રમુખશ્રી કડવા પટેલ સમાજ અમરેલી

અમરેલી જિલ્લામાં નંબરવન બેન્ડ
ઓરીજનલ ઇબ્રાહીમ ભાઇનું
ઝનકાર બેન્ડ
ચાંદની ચોક, અમરેલી

LG

દિપાવલી ધમાકા ઓફર
અમારે ત્યા હાજરમાં મળશે ખ્યાતનામ કંપની દરેક કાર
Krishna AUTO CAR
બહારી રોડ, સેન્જલ રેસીડેન્સી પાસે, અમરેલી

SONY માણો નવીન મનોરંજન
સ્પે.ફેસ્ટીવલ ઓફર પ્રાઇઝ અને ફ્રી ગીફ્ટ મેળવો...
BRAVIA
તમારા સ્માર્ટફોનના વીડીયો, ગીતો અને ફોટોની મજા BRAVIA પર માણો
KLV-32R482B Rs.36,900/-
KLV-40R482B Rs.53,900/-
KLV-48R482B Rs.74,900/-
KLV-28R412B Rs.24,900/-
KLV-32R412B Rs.28,900/-
KLV-32R422B Rs.30,900/-
KLV-22P402B Rs.13,500/-
KLV-24P412B Rs.15,900/-
KLV-24P422B Rs.16,900/-
ઓડીયો હાઉસ : હિંગુબ્રધર્સ, પારેખ ચેમ્બર્સ, નાના બસસ્ટેન્ડ ચોક, અમરેલી, ફોન (૦૨૭૯૨) ૨૨૨૭૯૧

હરિૐ

Mahindra
સેન્ચુરો
પાટીદાર ઓટો પ્રાઇવેટ લીમીટેડ

॥ જયશ્રી સ્વામિનારાયણ ॥
અમરેલી જિલ્લામાં કેટરર્સ ક્ષેત્રે ગુંજતુ સર્વોપરિ નામ
ક્રિષ્ના કેટરર્સ
મેઇન ઓફિસ :- કેરીયા રોડ, ભોજલપરા શેરી નં. ૩ મેઇન રોડ ઉપર ફોન નં. (૦૨૭૯૨) ૨૨૦૪૦૨
આપને ત્યા આવતા શુભ પ્રસંગો લગ્ન, વેવિશાળ, બર્થ-ડે, ભાગવત સપ્તાહ, વિગેરેમાં આપની અનૂકુળતા મુજબનું કેટરર્સ કરી આપનાર જુના અને જાણીતા
રમેશભાઇ આર.પટેલ - ૯૮૨૫૫ ૪૬૯૦૨
દેવરાજભાઇ આર.પટેલ - ૯૮૨૫૭ ૨૭૯૦૮
આપના શુભ પ્રસંગો માટે હોલની સુવિધા ઉપલબ્ધ છે.(ક્રિષ્ના ડાઇનીગ હોલ વાળા)